ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૨૧૧૦/૨૪૪

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા. ૯-૧૨-૨૦૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાની કાયમી નોંધણી સમયે શાળામંડળે રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા કરેલ ડિપોઝીટ ઉપાડવા બાબત.

સંદર્ભ :- ૧) શિક્ષણ વિભાગના તા.૩૧/૦૧/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧

૨) શિક્ષણ વિભાગના તા.૨૮/૦૮/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧

૩) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: મશબ-૧૨૧૧-૮૫૦-છ

૪) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરીના તા.૧૫/૦૪/૨૦૨૩ ના પત્ર ક્રમાંક:માધ્ય/મા-૨/એફ.ડી./૨૦૨૩/૫૬૭૬.

૫) નાયબ નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરીના તા.૦૪/૦૭/૨૦૨૩ ના પત્ર ક્રમાંક:માધ્ય/મા-૨/એફ.ડી./૨૦૨૩/૮૮૬૧.

૬) બોર્ડની તા.૦૭/૧૦/૨૦૨૩ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૬૭૬/૨૦૨૩.

૭) બોર્ડના તા.૦૭/૧૦/૨૦૨૩ ના પત્ર ક્રમાંક:મઉમશબ/શાનિ/ ૧૯૬૫૧/ ૫૨.

૮) શિક્ષણ વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: ED/MSC/e-file/3/2023/4415/CHH.

બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાની કાયમી નોંધણી સમયે શાળામંડળે રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા કરેલ ડિપોઝીટ ઉપાડવા બાબતે શિક્ષણ વિભાગના તા.૩૧/૦૧/૧૯૯૭ તેમજ તા.૨૮/૦૮/૧૯૯૮ ના ઠરાવમાં ગ્રાન્ટ વિનાની નવી બિન સરકારી

બિન અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મંજૂરી લેવા માંગતી શૈક્ષણિક સંસ્થાઓ માટે શહેરી વિસ્તારમાં બે લાખ, અને ગ્રામ્ય વિસ્તારમાં એક લાખ રૂપિયાની ડિપોઝીટ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા સંચાલક મંડળના સંયુક્ત નામે જમા કરાવવાની જોગવાઈ હતી. શિક્ષણ વિભાગના તા.૦૪/૦૮/૨૦૧૧ ના ઠરાવથી શહેરી વિસ્તારમાં ત્રણ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં બે લાખ રૂપિયાની ડિપોઝીટ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા સંચાલક મંડળના સંયુક્ત નામની જમા કરાવવાની જોગવાઈ છે. આ ડીપોઝીટ બે વર્ષ પછી જો શાળા સારી અને વ્યવસ્થિત રીતે ચાલતી હોય તો શાળાના વિકાસ કામોમા વાપરવાની શરતે ડીપોઝીટના નાણાં કમિશનરશ્રી, શાળાઓની કચેરીની મંજૂરીથી ઉપાડવાની જોગવાઈ કરવામાં આવેલ.

ઉક્ત બાબતે શાળામંડળને ડિપોઝીટ ઉપાડવામાં વિલંબ થતો હોવાથી તા.૦૭/૧૦/૨૦૨૩ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૬૭૬/૨૦૨૩ અન્વયે ડિપોઝીટ ઉપાડવાની સત્તા જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપવા શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ-૭ થી બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાની કાયમી નોંધણી સમયે શાળામંડળે રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા કરેલ ડિપોઝીટ ઉપાડવા અંગેની સત્તા જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપવા બાબતે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ.

સંદર્ભ-૮ થી શિક્ષણ વિભાગે બિન સરકારી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળાની કાયમી નોંધણી સમયે શાળામંડળે રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા કરેલ ડિપોઝીટ ઉપાડવા અંગેની સત્તા સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપવા માટે મંજૂરી આપેલ છે. જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નોંધણી સમયે શાળામંડળે રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા કરેલ ડિપોઝીટ ઉપાડવા નીચેની શરતો ધ્યાને લેવાની રહેશે.

૧. શાળાએ ડિપોઝીટની રકમ જમા કરાવ્યાને બે વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ જેની ખાત્રી કરી લેવાની રહેશે.
૨. શાળા સારી અને વ્યવસ્થિત રીતે ચાલતી હોવી જોઈએ જેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ખાત્રી કરી લેવાની રહેશે. શાળા સારી ચાલતી હોવા અંગે શાળાનું પરિણામ, વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષકોનું પ્રમાણ, શાળાની ભૌતિક સુવિધા વગેરે બાબતો ધ્યાને લેવાની રહેશે.
૩. ડિપોઝીટ રકમ શાળાના વિકાસના કામમાં વાપરવામાં આવશે તે મતલબની અદ્યતન બાંહેધરી શાળા પાસેથી મેળવી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કચેરીના રેકર્ડ પર રાખવાની રહેશે.

૪. શાળા બંધ થયેલ હોય તો શાળાના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક તમામ કર્મચારીઓના કોઈ પણ પ્રકારના લેણાં બાકી નથી તેની ચોકસાઈ પૂર્વક ચકાસણી કરવાની રહેશે.

(એન.જી.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના :-</u>

કમિશનરશ્રી,
શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ આગળની કામગીરી હાથ ધરવા સારૂ.